APPENDIX III

APPENDIX III

માનવ અધિકારો

(HUMAN RIGHTS)

"KNOW THEM

DEMAND THEM

DEFEND THEM"

ઘણાં સમય પહેલાં સ્ત્રીઓ અને પુરુષો પોતાના પાયાની માનવીય સ્વતંત્રતા મેળવવા લડયા ત્યારથી 'માનવ અધિકારો' શબ્દ અસ્તિત્વમાં આવ્યો. અને હજારો વર્ષોની લડાઇ આજે પણ સતત ચાલુ છે. ખરેખર, તો માનવ અધિકારો એ લોકોને પોતાની રીતે ખુશીથી જીવન જીવવાનો સંપૂર્ણ પાયો છે. આજે દુનિયાના ઘણાં ખૂણામાં ત્રાસ, ગુલામી, ભેદભાવ, અન્યાય થતો જોવા મળે છે. કેમ?... કારણ મોટા ભાગના લોકો આ અધિકારોથી અજાણ છે. અન્યાય ચાલુ છે..ધર્મના ભેદભાવો ને કારણે અશાંતિ છે.. આવા તો કેટલાય પડકાર સામે છે..**આ પડકારોનો સામનો કરી માનવ અધિકારો નું સન્માન કોણ કરશે?** લોકોને જાગ્રત કોણ કરશે?

આ પ્રશ્નોના જવાબની શરુઆત છે... **શિક્ષણ...** લોકો જ્યારે પોતાના હકો વિશે જાણશે અને સમજશે તો જ તેનો ઉપયોગ પોતાના અને બીજા માટે કરી શકશે. અને **આ કામ શિક્ષક જ કરી શકે.**

<u>માનવ અધિકારો: વ્યાખ્યા:</u>

- "માનવીના જન્મથી કે તેનાં જન્મના કારણે તેને યોગ્ય રીતે જીવાડવા માટેની આવશ્યકતાઓની પ્રાપ્તિની પરિસ્થિતિ કે પરિસ્થિતિના નિર્માણને માનવ અધિકાર કહે છે."
- "માનવને માનવ તરીકે જીવન જીવવા માટે કુદરત દ્વારા અપાયેલા અધિકારો, જેમાં માત્ર જીવનની વાત નથી, પરંતુ માનવ ગૌરવ, વ્યક્તિગત ક્ષમતાઓનો પૂર્ણ વિકાસ થાય, બધિ પ્રતિભા ખીલી ઊઠે અને જે તે વ્યક્તિને પોતાની શારીરિક, માનસિક ક્ષમતા દ્વારા સામાજિક અને આધ્યાત્મિક ઉન્નતિના પથ પર જીવનને લઈ જવાની તકો મળે તે માનવ અધિકાર, જેમાં વ્યક્તિગત વિકાસ અને સમગ્ર સમાજનો વિકાસ સંયક્ત રીતે થાય તેવું વાતાવરણ સર્જાય."

ટૂંકમાં, માનવ અધિકારો એટલે ... તમારા અધિકારો..કારણ તમે માનવ છો. તે માનવ અધિકારો કહેવાય છે કારણકે તે સાર્વત્રિક છે.

માનવ અધિકારોની સાર્વત્રિક ઘોષણાં:

પ્રથમ મનુષ્યના જન્મથી આજ પર્યન્ત માનવ અધિકારોનો વિકાસ ચાલુ જ રહયો છે, જેમાં મેગ્નાકાર્ટાની ઘટના હોય કે બીલ ઓફ રાઈટસની વાત હોય, આવા તમામ અધિકારો કે જેની અંતિમ સ્વરૂપે સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય ધોરણે સ્વીકૃતિ આપવામાં આવી અને 10 ડિસેમ્બર, 1948 ના રોજ આંતરરાષ્ટ્રીય માનવ અધિકારનું ઘોષણાપત્ર જાહેર કરવામાં આવ્યું.

હજુ પણ ઘણાં લોકોને તેઓનાં અધિકારો વિશે પૂછવામાં આવે તો તેઓ સ્વતંત્રતા જેવા એક કે બે અધિકાર જણાવશે. પરંતુ માનવ અધિકારો ઘણાં વિશાળ છે. તેનો મતલબ પસંદગી અને તક છે તેનો મતલબ છે રોજગારીની સ્વતંત્રતા, જીવનસાથીની પસંદગી, ફરવાની સ્વતંત્રતા,... અરે તેમાં આરામ કરવાના અધિકારનો પણ સમાવેશ છે.ટૂંકમાં, માનવ અધિકારોને સંપૂર્ણ રીતે સમજવા ખૂબ જરૂરી છે,

માનવ અધિકારો અંગેની કેટલીક આંતરરાષ્ટ્રીય સંધિઓમાં માનવ ગૌરવના વિકાસ અને રક્ષણ માટેના નિયમો અને ધોરણો દર્શાવાયા છે. 10 ડિસેમ્બર, 1948 ના રોજ યુનાઇટેડ નેશન્સે માનવ અધિકાર અંગે ઘોષણાપત્ર જાહેર કર્યું.

આમુખ:

વારસાગત પ્રતિષ્ઠા અને કુટુંબના તમામ સભ્યોના સમાન અને સ્વત્યાયિત હક્કોની માન્યતા દુનિયામાં સ્વતંત્રતા, ન્યાય અને શાંતિના પાયામાં છે.

માનવ અધિકારની અવગણના અને તિરસ્કાર જંગલી કૃત્યોમાં પરિણમે છે જે માનવની જાગૃતિની લજ્જા છે. જેમાં માનવ વાણી સ્વતંત્રતા અને માન્યતા અને ભય અને એનામાંથી મુક્તિ ભોગવશે તે દુનિયાનું આગમન છે. સામાન્ય લોકોના ચુકાદામાં મોટા લાંછન તરીકે ઇચ્છાને જાહેર કરવામાં આવે છે.

માનવ અધિકારનું કાયદાના નિયમથી રક્ષણ થવું જોઇએ, તેવા છેલ્લા આશરા તરીકે ઉપાય કરવા માટે, જુલ્મ અથવા દમન સામે અવાજ ઉઠાવવાની માણસને ફરજ પાડવામાં આવે તો, તે જરૂરી છે.

રાષ્ટ્રો વચ્ચે મિત્રતાની ભાવનાના વિકાસને ઉત્તજન આપવાનું જરૂરી છે.

રાષ્ટ્રસંઘના લોકોએ ખતપત્રમાં, મૂળભૂત માનવ અધિકારમાં, માનવોના શિષ્ટાચાર અને સંપતિમાં અને પુરૂષ અને સ્ત્રીઆના સમાન હકોમાં તેમની વિશ્વસનીયતા છે અને બહોળી સ્વતંત્રતામાં, સામાજિક ઉત્કર્ષના ઉત્તજન અને જીંદગી સારી રીતે ગુજારવા માટે નક્કી કર્યા છે.

રાજ્યના સભ્યો, રાષ્ટ્રસંઘ સાથે સહકાર આપવામાં, માનવ અધિકાર અને મૂળભૂત સ્વતંત્રતાના સંબંધમાં અને તેની દેખરેખમાં સામાન્ય ઉત્તજનને પહોંચવા તેમણે પ્રયત્ન કરવો.
આ દલીલની સંપૂર્ણ વિશ્વસનીયતા માટે આ અધિકારો અને સ્વતંત્રતાના સામાન્ય ખ્યાલની સમજ ઘણી અગત્યની છે.
આથી હવે,

સામાન્ય સભાની જાહેરાત:

દરેક વ્યક્તિ અને સમાજના દરેક અંગે, સતત ધ્યાનમાં રાખીને તેનો અંત લાવવા માટે તમામ લોકો અને તમામ રાષ્ટ્રો માટેની સિદ્ધિના સાકાર ધોરણો તરીકે સામાન્ય માનવ અધિકારોની જાહેરાત, રાજ્યના સભ્યોના પોતાના લોકોમાં અને તેમની હકૂમત હેઠળની પ્રદેશોના લોકોમાં, સામાન્ય અને અસરકારક માન્યતા અને દેખરેખ સુનિશ્ચિત કરવા માટે, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય હકો અને સ્વતંત્રતા સંબંધી ઉત્તજન માટે શીખવવા અથવા શિક્ષણ દ્વારા અને પ્રગતિશીલ પગલાં દ્વારા પ્રયત્ન કરવો જોઈએ.

હવે, આપણે યુનાઈટેડ નેશન્સે રજૂ કરેલા 30 અનુચ્છેદ(articles) ને સમજીશું

<u>અનુચ્છેદ-1</u>: <u>તમામ માનવો મુક્ત પણે જન્મે છે અને પ્રતિષ્ઠા અને અધિકારો સમાન છે. તેઓને કારણ અને સચેત પ્રદાન છે. અને ભાઇચારાની ભાવનામાં એકબીજા પ્રત્યે કામ કરવું જોઇએ.</u>

- ❖ પ્રસ્તુત આર્ટીકલમાં, દરેક મનુષ્યોના માન-સન્માન તથા અધિકારોમાં સમાનતા વિશે વાત કરી છે. સર્વ મનુષ્યો જન્મથી અધિકારો મેળવવા તથા પ્રતિષ્ઠા ની દ્રષ્ટિએ સમાન છે. સર્વ મનુષ્યોમાં વિચારશક્તિ અને અંતઃકરણ હોય છે. બધાંએ જ પરસ્પર બંધુત્વની ભાવનાથી વર્તવું જોઈએ.
- ❖ આજે ભાઈચારાની ભાવના નહિવત પ્રમાણમાં જોવા મળે છે. નાની નાની વાતો માં લોકો એકબીજા સાથે ઝઘડતા જોવા મળે છે. એકબીજાનું અપમાન કરતા હોય છે...જેમાં ઉપરોક્ત આર્ટીકલનો ભંગ થતો જણાય છે.

અનુચ્છેદ-2: દરેક વ્યક્તિ, કોઇપણ પ્રકારનો ભેદભાવ કર્યા સિવાય જેવા કે જાતિ, વર્ણ, લિંગ, ભાષા, ધર્મ, રાજકીય અભિપ્રાય, અથવા બીજા અભિપ્રાય, રાષ્ટ્રીય અથવા સામાજિક મૂળમિલકત, જન્મ અને બીજા હોદ્દામાં ભેદભાવ કર્યા સિવાય આ જાહેરાતમાં જણાવેલ તમામ હકો અને સ્વતંત્રતા મેળવવા હકદાર છે.

વધુમાં, જે પ્રદેશની તે વ્યક્તિ હોય તે દેશ અથવા પ્રદેશના રાજકીય, હકૂમત અથવા આંતરરાષ્ટ્રીય હોદ્દાના ધોરણો કોઇ ભેદભાવ કરી શકાશે નહિ, પછી ભલે તે વ્યક્તિ, ટ્રસ્ટ, સાર્વભૌમતાની બીજી કાઇપણ હદ હેઠળ અથવા નોન-સેલ્ફ ગવર્નીંગ હોય.

- ❖ સમાન પરિસ્થિતિમાં કોઈ અન્ય વ્યક્તિની સરખામણીમાં કોઇકના તરફ વધારે ઓરમાયું કે પક્ષપાતભર્યું વલણ રાખવામાં આવે ત્યારે ભેદભાવ થયો કહેવાય. દરેક વ્યક્તિ આવા ભેદભાવથી પર છે. અહિં પ્રસ્તુત અનુચ્છેદ માં જણાવવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિને આવા કોઇપણ પ્રકારમાં ભેદભાવ વગર ઘોષણામાં રજૂ કરવામાં આવેલાં સઘળાં અધિકારો અને સ્વતંત્રતા ભોગવવાનો હક છે.

- ❖ જ્યારે કોઇ વ્યક્તિને તેના રંગ કે જાતિ ને લીધે ઉચિત કારણ સિવાય નોકરી માટે નકારાય, દલિત વ્યક્તિને મંદિરમાં પ્રવેશતા અટકાવાય,કોઇ મકાનમાલિક તેનો ફ્લેટ અન્ય જાતિ કે ભાષાના વ્યક્તિને આપવા નકાર કરે, શાળા કે કોલેજમાં વિદ્યાર્થી પ્રત્યે તેનાં રંગ કે જાતિ ના લીધે ભિન્ન નિમ્ન વર્તાવ કરાવમાં આવતો હોય ત્યારે તે શોષિત વ્યક્તિના અધિકાર નો ભંગ થયો છે તેમ કહેવાય. જેના માટે તે વ્યક્તિ પોતાનો અધિકાર મેળવવા યોગ્ય પગલાં લઇ શકે છે પણ ક્યારે??? જ્યારે તે વ્યક્તિ પોતાના આ અધિકારથી માહિતગાર હશે ત્યારે જ.

અનુચ્છેદ-3: દરેક વ્યક્તિને તેની જીંદગી, સ્વતંત્રતા અને સલામતીનો હક છે.

- ❖ જીવન જીવવાના અધિકારનું સંરક્ષણ કરવું જ જોઈએ. જો કોઈનો જીવ જોખમમાં હોય તો તાત્કાલિક પોલીસ દ્વારા રક્ષણ મળવું જોઈએ. દર્દીને પોતાનો જીવ બચાવવા જરુરી સારવાર મળવી જોઈએ. પ્રસ્તુત અનુચ્છેદ પ્રમાણે દરેક વ્યક્તિને જીવવાનો, સ્વતંત્રતાનો અને સ્વરક્ષણનો અધિકાર છે.

❖ કોમી રમખાણો દરમ્યાન થતી હત્યા, ભ્રૂણહત્યા,ઝઘડા દરમ્યાન ઉશ્કેરાટમાં કોઇનો જીવ લેવો...વગેરે ઘટનાઓ માં ઉપરોક્ત અધિકારનું હનન થતું જોવા મળે છે. ક્યા સુધી આ બધું...અને શા માટે ?

<u>અનુચ્છેદ-4:</u> <u>કોઇપણ વ્યક્તિને ગુલામીમાં અથવા પરતંત્રતામાં રાખવામાં આવશે નહિ; ગુલામી અને ગુલામોનો વેપાર, તેના તમામ સ્વરૂપમાં પ્રતિબંધિત ગણાશે.</u>

❖ આ કલમ ગુલામીની મનાઇ ફરમાવે છે, એટલે કે અક વ્યક્તિ બીજા ઉપર માલિકી-હક્ક ધરાવે, અથવા જબરજસ્તીથી કોઇને કામે કે મજૂરીએ લાગવુ પડે. આ પ્રકારના વ્યાપાર પર પ્રતિબંધ મૂકાવો જોઇએ.

❖ માણસોના ખરીદવેચાણ, વેઠ, મજૂરી તથા અન્ય પ્રકારની બળજબરીપૂર્વક કરાવાતી મજૂરી વગેરે... પ્રસ્તુત કલમ નો ભંગ દર્શાવે છે તે માટે જે તે વ્યક્તિ સજાને પાત્ર બને છે.

<u>અનુચ્છેદ-5:</u> <u>કોઇપણ વ્યક્તિ, ત્રાસ અથવા ક્રૂરતા, સમાનથી હલકી સારવાર અથવા શિક્ષાને અધીન રહેશે નહિ.</u>

❖ આ અનુચ્છેદ માં કોઇની પણ સાથે ઘાતકી વ્યવહાર કરવો નહિ તેમજ અમાનુષી હોય તેવી સજા આપવાની કે તેવું વર્તન કરવાની મનાઇ ફરમાવે છે.ટૂંકમાં કોઇપણ વ્યક્તિની ઉપર જુલમ ગુજારવામાં આવશે નહિ કે તેની સાથે હલકા પ્રકારનો વર્તાવ રાખવામાં આવશે નહિ કે તેવા પ્રકારની શિક્ષા કરવામાં આવશે નહિ.

❖ જેમ કે, પતિ પત્ની પર હાથ ઉગામતો હોય, શિક્ષક ગૃહકાર્ય ન લાવા બદલ વિદ્યાર્થી સાથે ઘાતકી વ્યવહાર કર, સંસ્થા ના વડા પોતાના કર્મચારીને હેરાન કરતા હોય વગરે... કેસ માં ઉપરોક્ત અધિકાર નો ભંગ થયો ગણાય જે અયોગ્ય છે.

<u>અનુચ્છેદ-6:</u> <u>દરેક વ્યક્તિને કાયદા સમક્ષની વ્યક્તિ તરીકે દરેક સ્થળે માન્યતાનો હક છે.</u>

❖ આ કલમ પ્રમાણે દરેક વ્યક્તિને દરેક ઠેકાણે કાયદા સમક્ષ માનવ તરીકે સ્વીકારવાનો હક છે. વ્યક્તિ અપંગ હોય કે ગરીબ કાયદા સમક્ષ બધા સરખા છે અને દરેકને માન્યતા મેળવવાનો પૂરેપૂરો હક છે.

અનુચ્છેદ-7: તમામ લોકો કાયદા સમક્ષ સમાન છે અને કોઇપણ ભેદભાવ સિવાય કાયદાના સમાન રક્ષણ મેળવવાનો હક છે. આ જાહેરાતના ભંગમાં કોઇપણ ભેદભાવ સામે અને આવા ભેદભાવ માટેની ઉશ્કેરણી સામે સમાન રક્ષણ મેળવવાનો તમામને હક છે.

❖ અમીર હોય કે ગરીબ, સાક્ષર હોય કે નિરક્ષર કાયદા સમક્ષ સર્વ માણસો સમાન છે અને કોઇપણ જાતના પક્ષપાત વગર સમાન ધોરણે રક્ષણ મેળવવા ને હક્કદાર છે.

❖ ધર્મ,જાતિ,લિંગ કે જન્મસ્થળ નાં કારણોસર કોઇપણ વ્યક્તિને નિયંત્રણ કે શરતને આધીન બનાવાશે નહિ. દુકાનો, જાહેરસ્થળો, હોટલો, મનોરંજનનાં સ્થળોએ પ્રવેશ મેળવવો, સાર્વજનિક સ્થળોનો ઉપયોગ વગેરે બાબતે દરેક વ્યક્તિ કાયદા સમક્ષ સમાન છે. ઉપરાંત જાહેર નોકરીને લગતી બાબતોમાં તકની સમાનતા છે. તેથી કોઇપણ વ્યક્તિ વિરુધ્ધ ધર્મ, જાતિ, લિંગ, રહેઠાણ કે અન્ય કારણોસર નોકરી માટે ભેદભાવ રાખી શકાતા નથી. કાયદા સમક્ષ તમામ સમાન છે. અહિં આપેલ તમામ અધિકારોમાંથી કોઇપણ વ્યક્તિ ના કોઇપણ અધિકાર નો ભંગ થતો હોય તો તેને રક્ષણ મેળવવાનો હક છે.

અનુચ્છેદ-8: બંધારણ અથવા કાયદા દ્વારા દરેક વ્યક્તિને આપેલા મૂળભૂત અધિકારોના ભંગના કૃત્ય માટે સક્ષમ રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ મારફતે અસરકારક ઉપાયનો તેને હક છે.

❖ કોઇપણ વ્યક્તિના મૂળભૂત અધિકારો જેવા કે સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર નો ભંગ થતો હોય તો ટ્રિબ્યુનલ મારફતે અસરકારક ઉપાયનો તે વ્યક્તિને હક છે.

❖ જો જેલર સજા ભોગવતા કેદીઓની મુલાકાત લેવા દેવાનો એક પત્રકાર કે વીડિયોગ્રાફરને ઇન્કાર કરે તો વાણી અને અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય નો ભંગ થયો ગણાય. કોઇપણ વ્યક્તિ દ્વારા અન્ય વ્યક્તિનું અપમાન કરવામાં આવે તો તે પોતાના સન્માન ના અધિકાર ના ભંગ કરવા

બદલ તે વ્યક્તિ વિરુધ્ધ ફરિયાદ લખાવી શકે છે...આમ આવા અન્ય અધિકારોના ભંગ બદલ વ્યક્તિ અસરકારક ઉપાય મેળવવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલ ની મદદ લઇ શકે છે.

અનુચ્છેદ-9: કોઇપણ વ્યક્તિને મનસ્વી રીતે પકડી શકાશે નહિ, અટકાયત કરી શકાશે નહિ અથવા દેશનિકાલ કરી શકાશે નહિ.

- ❖ આ અનુચ્છેદ મુજબ કોઇપણ વ્યક્તિને કારણ વગર સજા આપી શકાશે નહિ કે તેનો દેશનિકાલ કરી શકાશે નહિ.

અનુચ્છેદ-10: દરેક વ્યક્તિને, હકો અને જવાબદારીઓ અને તેની સામેના ફોજદારી તહોમતના નિર્ણયમાં સ્વતંત્ર અને બિન પક્ષપાતિ ટ્રિબ્યુનલ દ્વારા વાજબી અને જાહેર સુનાવણી માટે પુરેપુરી સમાનતા મેળવવાનો હક છે.

- ❖ કોઇપણ વ્યક્તિ પર કોઇ આરોપ હોય અને તેને મન તે નિર્દોષ હોય તો તેને પોતાના પક્ષમાં વાજબી અને જાહેર સુનાવણી નો સંપૂર્ણ સમાન ધોરણે હક છે.

અનુચ્છેદ-11: ફોજદારી ગુનાના મહોમત મતવાળી દરેક વ્યક્તિને, જમાં તેને તેના બચાવ માટે જરૂરી તમામ, બાંયધરી હોય તે જાહેર ટ્રાયલમા કાયદા અનુસાર, દોષિત સાબિત ન થાય ત્યાં સુધી, નિર્દોષ હોવાનું માનવાનો હક છે.
જે સમયે ગુનો થયો તે સમયે, રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ ફોજદારી ગુનો બનતો ન હોય તેવા કોઇપણ કૃત્ય અથવા વર્જનના લીધે કોઇને પણ ફોજદારી ગુના માટે દોષિત ઠરાવી શકાશે નહિ. જે સમયે ફોજદારી ગુનો થયેલ તે સમયે લાગુ પડતી હોય તે સિવાય ત્યારે શિક્ષા કરી શકાશે નહિ.

- ❖ પ્રસ્તુત અનુચ્છેદ માં, જે વ્યક્તિ ઉપર ફોજદારી ગુનાનો આરોપ મૂકવામાં આવ્યો હોય તેવી દરેક વ્યક્તિને ગુનાની જાહેર તપાસણી વખતે તેના બચાવ માટે બધી જરૂરી બાંયધરી આપવામાં આવી હોય છે અને જ્યાં સુધી તે વ્યક્તિ કાયદા પ્રમાણે દોષિત સાબિત ના થાય ત્યાં સુધી તેને પોતાને નિર્દોષ માનવાનો અધિકાર છે.

- કોઇપણ વ્યક્તિ એ કોઇપણ એવું કૃત્ય કે ગુનો કર્યો હોય કે તે ફોજદારી ગુનો ના ગણાય તો તે માટે તેને ગુનેગાર ના કહા શકાય. અને જો ફોજદારી ગુનો કર્યો હોય તો તે ગુનાને લાગુ પડતી જ શિક્ષા કરી શકાય તેનાથી વધુ ભારે શિક્ષા કરી શકાય નહિ.

- જેમ કે, કોઇ વ્યક્તિ એ અન્ય વ્યક્તિ પર માનભંગ કે ચોરી નો આરોપ મૂક્યો હોય તો તે અન્ય વ્યક્તિ કાયદા હેઠળ પોતાનો બચાવ કરી શક છે અને જ્યાં સુધી તે દોષિત સાબિત ના થાય ત્યાં સુધી તેને ગુનેગાર કહી શકાય નહિ. તદઉપરાંત જો કોઇ વ્યક્તિ ચોરી ના કે અન્ય ગુનામાં દોષિત સાબિત થાય તો તેને તે ગુના મુજબ જ સજા થઇ શકે તેનાથી વધારે નહિ.

<u>અનુચ્છેદ-12:</u> <u>કોઇપણ વ્યક્તિમાં તેના ખાનગીપણા, કુટુંબ અથવા પત્રવ્યવહારમાં દખલ કરી શકાશે નહિ, તેના સન્માન અથવા પ્રતિષ્ઠા ઉપર હુમલો કરવાનો નથી. દરેકને અથવા હુમલા સામે કાયદાનું રક્ષણ મેળવવાનો હક મનસ્વી હસ્તક્ષેપ છે.</u>

- કોઇપણ વ્યક્તિ કોઇ અન્ય વ્યક્તિ ના એકાન્ત, કુટુંબ કે આપખુદીપણે દખલગીરી કરી શકે નહિ તેમજ તેના માન અને પ્રતિષ્ઠા પર આક્રમણ કરી શકે નહિ. આવી દખલગીરી અથવા આક્રમણ સામે કાયદાનું રક્ષણ માગવાનો દરેકને અધિકાર છે.

- આજે જો કોઇ વ્યક્તિ અન્ય વ્યક્તિ ની પરવાનગી વગર તેના ફોન ટેપ કરી સાંભળે, બહારની વ્યક્તિ અન્ય વ્યક્તિના કુટુંબ માં દખલ કરે, અન્ય ના નામ નો પત્ર કોઇ બીજી વ્યક્તિ વાંચે તો તે જે તે વ્યક્તિના ખાનગીપણાના અધિકાર નો ભંગ કર્યો કહેવાય અને આવા સંજોગોમાં શોષિત વ્યક્તિ કાયદાનો સહારો લઇ શકે છે.

<u>અનુચ્છેદ-13:</u> <u>દરેકને દરેક રાજ્યની સીમાની અંદર મુક્તપણે ફરવાનો અને રહેવાનો હક છે. દરેકને તેના પોતાના દેશ સહિત કોઇપણ દેશ છોડવાનો અને તેમાં પાછા ફરવાનો હક છે.</u>

- કોઇપણ વ્યક્તિ પોતાના દેશમાં ગમે તે રાજ્યમાં વસવાટ કરી શકે છે તેમજ ફરી શકે છે. દરેક વ્યક્તિ ને બીજા દેશમાં વસવાટ કરવાનો તથા મન થાય તો પોતાના દેશમાં પરત આવવનો હક છે.

❖ જેમ કે, કોઇપણ ગુજરાતી વ્યક્તિ ફરવા માટે ભારતના કોઇપણ રાજ્ય માં જઇ શકે છે, નોકરી કે ધંધાર્થે તે અન્ય કોઇપણ રાજ્ય માં રહી શકે છે. કોઇપણ ભારતીય વ્યક્તિ ભણવા માટે, ફરવા માટે કે નોકરી કે ધંધાર્થે અન્ય દેશો માં જઇ શકે છે તથા પાછા પોતાના દેશમાં પણ આવી શકે છે.

અનુચ્છેદ-14: દરેકને ફરિયાદમાં, બીજા દેશમાં આશ્રય સ્થાન માંગવાનો અને ભોગવવાનો અધિકાર છે.

બિન રાજકીય ગુનામાંથી આવા રાષ્ટ્ર સંઘના હેતુઓ સિધ્ધાંતોની વિરુધ્ધ કાર્યોમાથી ઊભા થતા સાચા ફરિયાદીઓની બાબતમાં આ હકો લાગુ પાડી શકાશે નહિ.

❖ દરેક વ્યક્તિ જુલમમાંથી છટકીને બીજા દેશમાં આશ્રય લઇ શકે છે પરંતુ બિનરાજકીય ગુનાઓમાંથી અથવા સંયુક્ત રાષ્ટ્રાના હેતુઓ અને સિધ્ધાંતોની વિરુધ્ધ હોય તેવાં કૃત્યોમાંથી ખરેખર ઉપસ્થિત થતા દાવાઓના કિસ્સામાં આવા અધિકારની માંગણી કરવી નહિ.

અનુચ્છેદ-15: દરેકને રાષ્ટ્રીયતાનો હક છે.

કોઇપણ વ્યક્તિને, તેની રાષ્ટ્રીયતાથી મનસ્વીપણે વંચિત કરી શકાશે નહિ અથવા પોતાની રાષ્ટ્રીયતા બદલાના હકનો ઇન્કાર કરી શકાશે નહિ.

❖ વ્યક્તિ જે તે દેશમાં જન્મેલ હોય તેને તે દેશની રાષ્ટ્રીયતા મેળવવાનો હક છે જે કોઇપણ ઝુંટવી શકશે નહિ તથા અન્ય દેશમાં વસવાટ કરી તેને પોતાની રાષ્ટ્રીયતા બદલવાનો પણ હક છે.

અનુચ્છેદ-16: પુખ્ત ઉમરના પુરુષો અથવા મહિલાને, જાતિ, રાષ્ટ્રીયતા અથવા ધર્મની યોગ્ય મર્યાદાઓ સિવાય લગ્ન કરવાનો હક છે અને કુટુંબ બનાવવાનો હક છે. લગ્ન અને તેના વિચ્છેદ દરમિયાન લગ્નસંબંધી સમાન હકો મેળવવાનો હકછે.

લગ્ન કરવા ધારેલ લગ્નસાથીની મુક્ત અને પુરેપુરી સંમતિથી જ લગ્ન કરવું જોઈશે.

કુટુંબ એ, સમાજના કુદરતી અને મુળભુત ગ્રંથ યુનિટ છે અને સમાજ અને રાજ્ય દ્વારા રક્ષણ મેળવવાનો હક છે.

- ❖ પ્રસ્તુત અનુચ્છેદ મુજબ પુખ્ત વ્યક્તિ પોતાની પસંદગી મુજબ લગ્ન કરી શકે છે તેમજ લગ્ન કરનાર બંને વ્યક્તિની સંમતિ જરુરી છે. કોઇપણ વ્યક્તિ અન્ય સાથે જબરજસ્તીથી લગ્ન કરી શકે નહિ. જો કોઇ કારણોસર લગ્ન વિચ્છેદ થાય તો સમાન હકો મેળવી શકે છે.

અનુચ્છેદ-17: દરેક વ્યક્તિએ પોતાની મિલકત રાખવાનો તેમજ બીજા સાથે સંયુક્ત રીતે સંપત્તિ રાખવાનો હક છે.
કોઈપણને, તેની મિલકતથી મનસ્વી રીતે વંચિત કરી શકાશે નહિ.

- ❖ દરેક વ્યક્તિ પોતાની મિલકત, સંપતિ રાખી શકે છે તેમજ તે પોતાના નામ પર કે પોતાના સંબંધી સાથે સંયુક્ત રીતે પણ મિલકત જેમ કે ઘર,જમીન,બેંક માં નાણાં વગેરે રાખવાનો તેમને હક છે, કાકા,મામા વગેરે સંબંધી કે અન્ય કોઇની પણ મિલકત લુચ્ચાઇ કે જબરજસ્તી થી મેળવી શકાય નહિ. આવા સંજોગોમાં જે તે ગુનેગાર વ્યક્તિ માટે કાયદાકીય પગલાં લઇ શકાય છે.

અનુચ્છેદ-18: દરેકને, વિચાર, જાગૃતિ અને ધર્મની સ્વતંત્રતાનો હક છે, આ હકમાં પોતાના ધર્મ અથવા માન્યતા બદલાવવાની અને પોતાના સાથે અથવા બીજાના સમાજ સાથે, ખાનગી અથવા જાહેરમાં શિક્ષણ, પ્રથા, પુજા અને દેખરેખમાં પોતાના ધર્મ અથવા માન્યતા સ્પષ્ટ કરવાનો સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

- ❖ દરેક વ્યક્તિને પોતાની રીતે સ્વતંત્ર વિચાર કરવાનો હક છે તેને જે ધર્મ (હિંદુ,મુસ્લિમ,શીખ,ખ્રીસ્તી વગેરે) માં માનવું હોય તેમાં તે માની શકે છે એટલું જ નહિ તે પોતાના વિચાર, પોતાની માન્યતા સ્વતંત્ર રીતે ખાનગીમાં કે જાહેરમાં પ્રગટ પણ કરી શકે છે.

અનુચ્છેદ-19: દરેક વ્યક્તિને મત ધરાવવાની અને અભિવ્યક્તિની સ્વતંત્રતા છે. આ હકમાં હસ્તક્ષેપ વગર અભિપ્રાય ધરાવવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે અને કોઈપણ માધ્યમ મારફતે અને સીમાઓને ધ્યાનમાં લીધા સિવાય વિચારો અને માહિતી માગવાનો, મેળવવાનો અને આપવાની સ્વતંત્રતાનો સમાવેશ થાય છે.

- અહીં અનુચ્છેદ માં જણાવ્યા મુજબ દરેક વ્યક્તિને પોતાનો અભિપ્રાય ધરાવવાનો તથા તે અભિપ્રાય કહેવાનો હક છે. તેમજ કોઇપણ માધ્યમ (જેમકે, વ્યક્તિ,ફોન,પત્રવ્યવહાર,ઈ-મેઇલ વગેર) મારફતે સરહદોથી પર માહિતી અન વિચારોની શોધ કરવાની અને તેને પ્રાપ્ત કરવાની સ્વતંત્રતા છે. ટૂંકમાં માહિતી આપવા અને મેળવવાનો અધિકાર છે.

- જેમ કે, કોઇ વિદ્યાર્થી જે તે કોલેજમાં એડમીશન લીધેલ હોય તો તેને તે સંદર્ભમાં માહિતી મેળવવાનો પૂરો અધિકાર છે. કાયદાકીય કે અન્ય માહિતી પણ વ્યક્તિ હક થી મેળવી શકે છે. જો તેને જે તે અધિકારી તરફથી યોગ્ય માહિતી પ્રાપ્ત ના થાય તો તેના આ અધિકાર નો ભંગ થયો ગણાય અને તે વ્યક્તિ તે અધિકારી સમક્ષ કાયદાકીય પગલાં લઇ શકે છે.

<u>અનુચ્છેદ-20:</u> <u>દરેકને, શાંતિથી ભેગા થવાનો અને સંઘ રચવાની સ્વાતંત્રતાનો હક છે. કોઈપણ વ્યક્તિને કોઈ સભા-સમ્મેલાનમાં ભાગ લેવા માટે વિવશ કરવામાં નહીં આવે.</u>

- દરેક વ્યક્તિને શાંત સભા અને મંડળી રચવાનો હક છે. જો કોઇ વ્યક્તિને જે તે સભામાં જોડાવું ન હોય તો તે માટે તેને ફરજ પાડી શકાશે નહિ.

- શિક્ષકો, વિદ્યાર્થીઓ, કામદારો, ડોક્ટરો....વગેરે દરેક લોકો પોતાના સંઘ રચી શકે છે અને જરૂર પડે સભા ભરી શકે છે. આ સભા માં કે સંઘમાં જોડાવા તેઓ કોઇને મજબૂર કરી શકે નહિ.

<u>અનુચ્છેદ-21:</u> <u>દરેક વ્યક્તિને, પોતાની દેશની સરકારમાં, સીધી રીતે આવા મુક્તપણે પસંદ દરેલ પ્રતિનિધિ મારફત ભાગ લેવાનો હક છે.</u>

<u>દરેકવ્યક્તિને પોતાના દેશમાંની જાહેર સેવામાં પ્રવેશવાનો સમાન હક છે. લોકોની ઈચ્છા, સરકારના અધિકારના ધોરણે રહેશે; આ ઈચ્છા, સમયાન્તરે અને સાચી ચૂંટણીઓમાં વ્યક્ત કરવો જોઈશે જે સામાન્ય અને સમાન મતાધિકાર દ્વારા કરી શકાશે અને ગુપ્ત મત દ્વારા અથવા સમાન મુક્ત મતોની કાર્યરીતિ દ્વારા યોજવી જોઈશે.</u>

❖ કોઇપણ પુખ્ત વ્યક્તિ ને પોતાના દેશની સરકારમાં ભાગ લેવાનો, જોડાવાનો અધિકાર છે. તેમજ દેશની જાહેર સેવા, નોકરીમાં સમાન પ્રવેશનો અધિકાર છે.જનતાની ઈચ્છા એ સરકારની ભૂમિકા રહેશે.

અનુચ્છેદ-22: દરેક વ્યક્તિને, સમાજના સભ્ય તરીકે, સામાજિક સલામતીનો હક છે અને રાષ્ટ્રીય પ્રયાસ અને આંતરરાષ્ટ્રીય સહયોગ મારફતે મેળવવાનો હક છે અને દરેક રાજ્યના સંગઠન અને સાધનો અનુસાર, તેના મોભાને અનુસાર અને તેના વ્યક્તિત્વના મુક્ત વિકાસના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક હકો મેળવવાનો હક છે.

❖ સમાજના સભ્ય તરીકે દરકને સામાજિક સલામતીનો અધિકાર છે જેથી પોલીસતંત્ર ની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેકને પોતાની પ્રતિષ્ઠા અને વિકાસ માટે પાતાના રાજ્યના સંચાલન અને સમૃધ્ધિ અનુસાર આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારો મેળવવાનો હક છે.

અનુચ્છેદ-23: દરેક વ્યક્તિને કામ કરવાનો, રોજગારી મુક્ત પસંદગી કરવાનો, બેરોજગારી માટે રક્ષણ મેળવવા માટે કામની ન્યાય અને અનુકૂળ શરતો કરવાનો કહ છે.
દરેકને, ભેદભાવ વગર, સમાન કામ માટે સમાન વેતનનો કહ છે.
કામ કરતી દરેક વ્યક્તિને, જો સામાજિક રક્ષણના બીજા સાધનોની જરૂર હોય તો, વિધ્યમાન માનવપ્રતિષ્ઠાના તેના અથવા પોતાના કુટુંબ માટે સુનિશ્ચિતમહેનતાણું ન્યાયી અને અનુકૂળ હક છે.
દરેક વ્યક્તિને, પોતાના હિતોનું રક્ષણ કરવા માટે વ્યવસાય કે કામદાર સંઘ રચવાનો અને તેમાં જોડાવવાનો હક છે.

❖ અહીં વ્યક્તિ ના એક એવા અધિકાર વિશે વાત કરવામાં આવી છે જેમાં વ્યક્તિ પોતાની પસંદગી મુજબ કામ કરી શકે છે. કોઇપણ વ્યક્તિ બેકાર હોય તો તેને કામ મેળવવાનો હક છે. ભેદભાવ વગર દરેકને સમાન પગાર મેળવવાનો હક છે. પોતાના હિતોના રક્ષણ માટે યુનિયન રચવાનો અને તેમાં જોડાવનો હક છે.

❖ આજે ઘણી સંસ્થાઓ માં એકસરખું કામ હોવા છતા ભેદભાવ, લાગવગ વગેરે ને કારણે વેતન માં ફરક જોવા મળે છે... અહીં તેઓના આ હક નો ભંગ થાય છે. તમારામાંથી

કેટલા પોતાના આ હકનો ભંગ થતો હશે ત્યારે પોતાના અધિકાર પ્રાપ્તિના પ્રયત્નો કરશે? કેટલા ફક્ત પોતાનો સ્વાર્થ જોશે અને તેના માટે બીજાના અધિકારનો ભંગ કરશે?

અનુચ્છેદ-24: દરેક વ્યક્તિને કામના કલાકોની વાજબી મર્યાદા સહિત આરામ અને નવરાશનો, પગાર સાથે સમયાંતરે મેળવવાનો હક છે.

- ❖ ઉપરોક્ત અધિકાર સમજવો તો સરળ છે પણ આજે ઘણી પ્રાઇવેટ કંપની કે સંસ્થામાં ડગલે ને પગલ આ અધિકાર નો ભંગ થઇ રહયો છે...કાલે તમારો વારો આવશે...મેળવી શકશો પોતાનો અધિકાર???

અનુચ્છેદ-25: દરેક વ્યક્તિને ખોરાક, કપડાં, ગૃહનિર્માણ અને તબીબી સંભાળ અને જરૂરી સામાજિક સેવા સહિત, પોતાના અને પોતાના કુટુંબની આરોગ્ય અને સારી રીતે રહેવા માટે પુરતા જીવન નિર્વાહના બીજી ક્ષતિના બનાવમાં સલામતિનો હક છે.
માતૃત્વ અને બાલ્યાવસ્થામાં, ખાસ સંભાળ અને સહાય મેળવવાનો હક છે. લગ્નમાંથી અથવા લગ્ન બાહ્ય જન્મેલા તમામ બાળકોને એક સરખું સામાજિક રક્ષણ ભોગવવાનો હકક રહેશે.

- ❖ આ અધિકાર પણ જેટલો સમજવામાં સહેલો છે એટલું આ અધિકાર નું હનન જોવા મળે છે. આજુબાજુ નજર તો કરો, કેટલાય લોકો જીવનની સામાન્ય જરૂરિયાતથી વંચિત છે, કેટલાય લોકો ફૂટપાથ પર રહી રાતે ભૂખ્યા સૂઇ જાય છે તો કેટલાય ને ત્યાં અન્ન નો ઘણો બગાડ થાય છે. જવાબદાર કોણ? સલામતિ ક્યાં છે? શું ખરેખર આપણે લગ્ન બાહ્ય બાળકને અને લગ્નમાંથી જન્મેલ બાળકને સરખું સામાજિક રક્ષણ આપીએ છે? આજે કેટલાય ઘરોમાં સ્ત્રીઓને સગર્ભાવસ્થા માં પણ શારિરીક-માનસિક ત્રાસ આપવામાં આવે છે...કોણ અપાવશે તેમને તેમનો આ અધિકાર???

અનુચ્છેદ-26: દરેક વ્યક્તિને શિક્ષણ મેળવવાનો હક છે.ઓછામાં ઓછું પ્રાથમિક અને પાયાના તબક્કે મફત શિક્ષણ મળવું જોઈએ. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત હોવું જોઈએ. ટેકનિકલ અને વ્યવસાયિક શિક્ષણ સર્વ સામાન્ય રીતે મળવાપાત્ર બનાવવું જોઈએ અને ઉચ્ચ શિક્ષણમાં, ગુણદોષના આધારે તમામને સમાન રીતે પ્રવેશ હોવો જોઈએ.

શિક્ષણ, માનવ વ્યક્તિત્વના પૂરેપૂરા વિકાસ માટે અને માનવ હકો અને મૂળભૂત સ્વતંત્રતા માટે સન્માનના સમર્થન માટે આપવામાં આવે છે. તમામ રાષ્ટ્રીય, જાતિ અથવા ધાર્મિક જૂથમાં સમજણ, સહનશીલતા અને મિત્રતાને ઉત્તેજન આપવું જોઈએ અને વધુમાં, શાંતિ જાળવવા માટે રાષ્ટ્ર સંઘની પ્રવૃત્તિઓ આગળ ધપાવવી જોઈએ.
માતાપિતાને તેમના બાળકોને આપવાના શિક્ષણનો પ્રકાર પસંદ કરવાનો અગ્ર હક છે.

- ❖ આજે પણ તમે આજુબાજુ નજર કરશો તો ક્યાંક ચ્હા ની લારી પર તો ક્યાંક નાની-મોટી હોટલોમાં જેવા અનેક સ્થળોએ નાના બાળકો રમવાની અને ભણવાની વયે કામ કરતાં જોવા મળે છે જે એક શરમજનક બાબત છે. દરેક બાળકને પાયાનું શિક્ષણ મફતમાં મેળવવાનો હક છે. આપણે ત્યાં સર્વ શિક્ષા અભિયાન અને યુવિર્સલાઇઝેશન ઓફ એલીમેન્ટ્રી એજ્યુકેશન જેવા પ્રોગ્રામ હોવા છતાં મોટા ભાગના બાળકો અભ્યાસ છોડી દે છે. તેની પાછળ ઘણા કારણો હોય છે પરંતુ આવા બાળકોને તેમનો હક મેળવવા તેમના માતાપિતા સાથે સંપર્ક રાખી તે બાળકને ભણવાની ભૂખ રહે તેવા પ્રયત્નો કરવા જોઇએ.

- ❖ ઉચ્ચ શિક્ષણમાં બાળકને તેની યોગ્યતાના આધારે પ્રવેશ મેળવવાનો હક છે નહિ કે તેના વડીલો ની લાગવગને આધારે !!!

અનુચ્છેદ-27: દરેક વ્યક્તિને, સમાજના સાંસ્કૃતિક જીવનમાં મુક્તરૂપે ભાગ લેવાનો કલા ભોગવવાનો અને વૈજ્ઞાનિક ઉદારીકરણમાં અને તેના લાભમાં ભાગ લેવાનો મુક્ત હક છે.
દરેક વ્યક્તિને, કોઈપણ(સ્વનિર્મિત) વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મક રચના જેનો તે લેખક હોય તેમાંથી પરિણમતા અને નૈતિક અને મહત્વના હિતોના રક્ષણનો હક છે.

- ❖ ઉપરોક્ત અનુચ્છેદ મુજબ, દરેક વ્યક્તિ પોતાના સમાજમાં, પોતાના કોમમાં થતા સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મુક્ત રીતે ભાગ લઇ શકે છે. પોતાના સમાજના સાંસ્કૃતિક જીવનની કલાઓનો આનંદ માણી શકે છે તેમજ વૈજ્ઞાનિક પ્રગતિ અને તેના લાભોમાં ભાગીદાર થવાનો હક છે. વૈજ્ઞાનિક, સાહિત્યિક અથવા કલાત્મક એમ દરેક પ્રકારના સર્જન જેનાં તે પોતે કર્તા હોય તેમાંથી ઊભાં થતાં નૈતિક અને ભૌતિક હિતોના રક્ષણ માટેનો દરેક વ્યક્તિને અધિકાર છે. એટલે કે કોઇપણ સર્જકે લખેલ પુસ્તક ની નકલ કરી પોતાનું નામ લખવું તે ગુનો છે.જે તે સર્જક ના અધિકારનું તમે હનન કરી રહયા છો જે યોગ્ય નથી અને

આમ ના બને તે માટે જ તે સર્જક ને તેના આ હિતોના રક્ષણ માટેનો અધિકાર પ્રાપ્ત થયેલ છે.

અનુચ્છેદ-28: દરેક વ્યક્તિને, જેમાં જાહેરાતમાં જણાવેલ હકો અને સ્વતંત્રતાને સંપૂર્ણપણે માની શકે તેવા સામાજિક અને આંતરરાષ્ટ્રીય ક્રમ મેળવવાનો હક છે.

- ❖ આ ઘોષણામાં રજૂ કરવામાં આવેલા અધિકારો અને સ્વતંત્રતાઓ જેમાં સંપૂર્ણ સિધ્ધ થઇ શકે તેવી સામાજિક અને આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા માટે દરેક વ્યક્તિ અધિકારી છે.

અનુચ્છેદ-29: દરેક વ્યક્તિને, જેમાં તેના એકલાનો તેના વ્યક્તિત્વનો મુક્ત અને સંપૂર્ણ વિકાસ શક્ય હોય તે સમાજ પ્રત્યે ફરજ છે.
પોતાના હકો અને સ્વતંત્રતા વાપરવામાં, દરેક વ્યક્તિ, બીજાના હકો અને સ્વતંત્રતા માટે યોગ્ય માન્યતા અને પ્રતિષ્ઠા મેળવવાના ન્યાયી અને નૈતિકતા જાહેર વ્યવસ્થા અને લોકશાહી સમાજમાં સમાજ કલ્યાણની ન્યાયી જરૂરિયાતોને પહોંચી વળવાના હેતુ માટે, એકમાત્ર કાયદા દ્વારા નક્કી કરેલ હોય તેવી મર્યાદાઓને જ અધીન રહેશે.
આ હકો અને સ્વતંત્રતા, કોઈપણ સંજોગોમાં, રાષ્ટ્રસંઘના હેતુઓને સિધ્ધાંતની વિરુધ્ધ વાપરી શકાશે નહિ.

- ❖ અહીં ફક્ત અધિકારો મેળવવાની જ વાત નથી પરંતુ જે સમાજ પાસેથી આ અધિકારો આપણે મેળવીએ છીએ, જે સમાજ માં આપણો સંપૂર્ણ વિકાસ શક્ય છે તે સમાજ પ્રત્યે આપણી પણ ફરજો છે. આપણે બીજાના અધિકાર નો સ્વીકાર કરવો જોઇએ અને તેમના સન્માનનું રક્ષણ કરવું જોઇએ.

અનુચ્છેદ-30: આ જાહેરાતમાં કોઈપણ મજકૂરનો અર્થ, કોઈપણ રાજ્ય, જૂથ અથવા વ્યક્તિ માટે, કાઈપણ પ્રવૃત્તિમાં રોકાવાના અથવા જણાવેલ હકો અને સ્વતંત્રતા પૈકી કોઈપણના નાશ વખતે કોઈપણ કૃત્ય બજાવવાનો ગર્ભિત છે તેનો કરી શકાશે નહિ.

- ❖ ઉપરોક્ત અનુચ્છેમાં કહેવામાં આવે છે કે, આ ઘોષણામાં રજૂ થયેલા કોઇપણ અધિકારો અને સ્વતંત્રતાઓનો નાશ કરવા માટેની કોઇ પ્રવૃત્તિમાં રોકાવાનો અથવા કોઇ કાર્ય

કરવાનો કોઇ રાજ્ય, સમુહ કે વ્યક્તિને અધિકાર પ્રાપ્ત થાય છે એવો કોઇપણ અર્થ આ ઘોષણા કરવાનો નથી.

અહીં યુનાઇટેડ નેશન્સે રજૂ કરેલ અધિકારો સમાપ્ત થાય છે અને તે સાથે એ અધિકારોથી આપણા સમાજને માહિતગાર કરવાનો,જેના અધિકાર નો ભંગ થતો હોય તેને અધિકાર પરત અપાવવાનો, આપણા વિદ્યાર્થીઓને માનવ અધિકારો વિશે જાગ્રત કરવાના જેવા અનેક કામ કરવાની એક શિક્ષક તરીકે ની આપણી જવાબદારી શરૂ થાય છે. ભવિષ્યના ઘડવૈયા તરીકે શિક્ષકે પોતાની જવાબદારી નિભાવી તેમ ત્યારે જ પ્રસ્થાપિત થશે, જ્યારે તે સમાજને તેમના અધિકારો વિશે જાગ્રત કરી શકશે. શિક્ષક, મારી સમજ પ્રમાણે, એક કલમી આંબો છે, જે સમાજમાં ખૂબ જ ઝડપથી અને નિરંતર સમગ્ર જીવનભર સમાજ ઉપયોગી કામગીરી કરી શકે છે. આમ, આ પડકાર શિક્ષક જ સ્વીકારી લઈ આવા અધિકારોમાં થતા ભંગ ને ઘટાડીને શૂન્ય પર લાવી શકશે તો જ માનવ અધિકારો નવી પેઢીને મળ્યા તેમ ગણાશે.

"We all know what the problems are, and we all know what we have Promised to achieve. What is needed now is not mere declarations or promises, but action to fulfill the promises already made."